## અંગ્રેજી વ્યાકરણ [ ભાગ 10 ] ગુજરાતીમાં

# Perfect Present Tense

## પૂર્ણ વર્તમાનકાળ

– વર્તમાનમાં ક્રિયા પૂર્ણ થઇ ગયી છે/ થઇ ગયી નથી તે દર્શાવવા માટે.

જો એક ક્રીયા બીજી ક્રીયાની પહેલાં ભૂતકાળમાં થઈ ગઈ હોય તો તે બતાવવા અંગ્રેજીમાં પૂર્ણ ભૂતકાળ વાપરવામાં આવે છે

પૂર્ણ ભૂતકાળ બનાવવા માટે ક્રીયાપદનાં ભૂતકૃદંતની આગળ **to have** ક્રીયાપદનું ભૂતકાળનું રૂપ **had** મૂકવાથી પૂર્ણ ભૂતકાળ બને છે

નીચે **to walk** ( ટુ વોક ) ક્રીયાપદનાં પૂર્ણ ભૂતકાળનાં રૂપો આપ્યા છે, તે બરાબર યાદ કરો

**To walk ( ટુ વોક ) ચાલવું**

એકવચન - **Singular**

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ : - | **I had walked : -** | હું ચાલ્યો હતો. |
| બી. પુરુષ : - | **You had walked :-** | તું ચાલ્યો હતો. |
| ત્રી. પુરુષ : - | **He had walked :-** | તે ચાલ્યો( પુરૂષ ) હતો . |
| | **She had walked :-** | તે ચાલી( સ્ત્રી )હતી . |
| | **It had walked : -** | તે ચાલ્યું ( નાન્યતર )હતું . |

**બહુવચન - Plural**

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ :- | **We had walked : -** | અમે ચાલ્યા હતા. |
| બી. પુરુષ : - | **You had walked : -** | તમે ચાલ્યા હતાં. |
| ત્રી. પુરુષ : - | **They had walked : -** | તેઓ ચાલ્યા હતાં. ( પુરૂષ , સ્ત્રી , નાન્યતર ) |

www.shikshansahitya.in

## હકારાત્મક વાકય

હકારાત્મક વાક્યોમાં સર્વપ્રથમ કર્તાની અંગ્રેજી ત્યાર બાદ **To have** ક્રીયાપદનું ભૂતકાળનું રૂપ**had** મૂકવામાં આવે છે .ત્યાર બાદ ક્રીયાપદનું ભૂતકૃદંત **( Third form )** મૂકવામાં આવે છે. ત્યાર બાદ કર્મ ની અંગ્રેજી અને ત્યાર બાદ અન્ય વાક્યો ની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) તમે આવ્યા તે પહેલાં મારો ભાઈ મુંબઇ ગયો હતો
**My brother had gone to Mumbai before you came.**

( 2 ) પોસ્ટમેન આવ્યો તે પહેલાં હું બહાર ગયો હતો
**I had gone out before the postman came.**

( 3 ) તમે આવ્યા તે પહેલાં કામ શરૂ થયું હતું
**The work had begun before you came.**

( 4 ) વરસાદ પડયો તે પહેલાં હું ઘેર પહોંચ્યો હતો
**I had reached home before it rained.**

( 5 ) તમે ફરવા ગયા તે પહેલાં મેં તમને જોયા હતા.
**I had seen you before you went for a walk.**

www.shikshansahitya.in

## નકારાત્મક વાકય : -

નકારાત્મક વાક્યોમાં સર્વપ્રથમ કર્તાની અંગ્રેજી ત્યાર બાદ **To have** ક્રીયાપદનું ભૂતકાળનું રૂપ**had** મૂકવામાંઆવે છે ત્યાર બાદ **not** મૂકવામાં આવેછે તેનાં પછી ક્રીયાપદનું ભૂતકૃદંત**( Third form )** મૂકવામાં આવે છે ત્યારબાદ કર્મની અંગ્રેજી અને અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) હું સ્ટેશને પહોંચ્યો તે પહેલાં ટ્રેન ઉપડી ગઈ હતી
**The train had started before I reached the station.**
હું સ્ટેશને પહોંચ્યો તે પહેલાં ટ્રેન ઉપડી ગઈ ન હતી
**The train had not started before I reached the station.**

**( 2 )** પોસ્ટમેન આવ્યો તે પહેલાં હું બહાર ગયા હતો

**I had gone out before the postman came.**

પોસ્ટમેન આવ્યો તે પહેલાં હું બહાર ન ગયો હતો

**I had not gone out before the postman came.**

**( 3 )** તમે આવ્યા તે પહેલાં કામ શરૂ થયું હતું

**The work had begun before you came.**

તમે આવ્યા તે પહેલાં કામ શરૂ ન થયું હતું

**The work had not begun before you came.**

**( 4 )** તમે આવ્યા તે પહેલાં મારો ભાઈ મુંબઇ ગયો હતો

**My brother had gone to Mumbai before you came.**

તમે આવ્યા તે પહેલાં મારો ભાઈ મુંબઇ ન ગયો હતો

**My brother had not gone to Mumbai before you came.**

**( 5 )** તમે ફરવા ગયા તે પહેલાં મેં તમને જોયા હતાં.

**I had seen you before you went for a walk.**

તમે ફરવા ગયા તે પહેલાં મેં તમને ન જોયા હતાં.

**I had not seen you before you went for a walk.**

www.shikshansahitya.in

## <u>પ્રશ્નાર્થક વાકય : -</u>

પ્રશ્નાર્થક વાક્યોમાં જયારે પ્રશ્નાર્થક શબ્દ " શું " વાકયની શરૂઆતમાં આવે ત્યારે **<u>To have</u>** ક્રીયાપદનું ભૂતકાળનું રૂપ **<u>had</u>** સર્વપ્રથમ મૂકવામાં આવે છેત્યાર બાદ કર્તાની અંગ્રેજી અને તેનાં પછી ક્રીયાપદનું ભૂતકૃદંત **<u>( third form )</u>** મૂકવામાં આવે છે ત્યાર બાદ કર્મ અને અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

**( 1 )** અમે ઘેર પહોંચ્યા તે પહેલાં સૂર્ય અસ્ત પામ્યો હતો

**The sun had set before we reached home.**

શું અમે ઘેર પહોંચ્યા તે પહેલાં સૂર્ય અસ્ત પામ્યો હતો

**Had the sun set before we reached home ?**

**( 2 )** અમે ઘેર આવ્યા તે પહેલાં નોકરે કૂતરાને ખવડાવ્યુ હતું

**The servant had fed the dog before we came home.**

શું અમે ઘેર આવ્યા તે પહેલાં નોકરે કૂતરાને ખવડાવ્યુ હતું?

**Had the servant fed the dog before we came home ?**

( 3 ) કૂતરો આવ્યો તે પહેલાં બિલાડી નાસી ગઈ હતી

**The cat had run away before the dog came.**

શું કૂતરો આવ્યો તે પહેલાં બિલાડી નાસી ગઈ હતી?

**Had the cat run away before the dog came?**

( 4 ) હું સ્ટેશને પહોંચ્યો તે પહેલાં ટ્રેન ઉપડી ગઈ હતી

**The train had started before I reached the station.**

શું હું સ્ટેશને પહોંચ્યો તે પહેલાં ટ્રેન ઉપડી ગઈ હતી ?

**Had the train started before I reached the station ?**

( 5 ) પોસ્ટમેન આવ્યો તે પહેલાં હું બહાર ગયો હતો

**I had gone out before the postman came.**

શું પોસ્ટમેન આવ્યો તે પહેલાં હું બહાર ગયો હતો?

**Had I gone out before the postman came ?**

પરંતુ જયારે " શું " , " કયારે " , " કયા " , " શા માટે " , અને " કેવી રીતે " જેવા પ્રશ્નાર્થક શબ્દો વાક્યોની વચ્ચે આવે ત્યારે સર્વપ્રથમ પ્રશ્નાર્થક શબ્દની અંગ્રેજી કરવામાં આવે છે .ત્યાર બાદ **To have** કીયાપદનું ભૂતકાળનું રૂપ**had** મૂકવામાં આવે છે, તેનાં પછી કર્તાની અંગ્રેજી અને ત્યાર બાદ કીયાપદનું ભૂતકૃદંત**( Third form )** મૂકવામાં આવેછે તેનાં પછી કર્મ અને અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) ડોક્ટર આવ્યા તે પહેલાં રોગી મરી ગયો હતો.

**The patient had died before the doctor came.**

ડોક્ટર આવ્યા તે પહેલાં રોગી કેવી રીતે મરી ગયો હતો ?

**How had the patient died before the doctor came ?**

( 2 ) તમે આવ્યા તે પહેલાં કામ શરૂ થયું હતું

**The work had begun before you came.**

તમે આવ્યા તે પહેલાં કામ ક્યારે શરૂ થયું હતું ?

**When had the work begun before you came ?**

( 3 ) લશ્કર આવ્યું તે પહેલાં લૂંટારા નાસી ગયા હતાં

www.shikshansahitya.in

**The robbers had run away before the army came.**

લશ્કર આવ્યું તે પહેલાં લૂંટારા શું નાસી ગયા હતા?

**What had the robbers run away before the army came ?**

( 4 ) મોટર આવી તે પહેલાં હું ઘણું ચાલ્યો હતો

**I had walked a long way before the motor arrived.**

મોટર આવી તે પહેલાં હું શા માટે ઘણું ચાલ્યો હતો ?

**Why had I walked a long way before the motor arrived ?**

( 5 ) ઘંટ વાગે તે પહેલાં હું નિશાળે પહોંચ્યો હતો

**I had reached school before the bell rang.**

ઘંટ વાગે તે પહેલાં હું નિશાળે કેવી રીતે પહોંચ્યો હતો?

**How had I reached school before the bell rang ?**

www.shikshansahitya.in

## નોંધ : -

( 1 ) જ્યારે ભૂતકાળમાં બે ક્રીયાઓ થઈ ગઈ હોય ત્યારે જે ક્રીયા કોઈ બીજી ક્રીયાની પહેલાં થઈ ગઈ હોય તે ક્રીયા બતાવવા માટે અંગ્રેજીમાં પૂર્ણ ભૂતકાળ વપરાય છે.

( 2 ) ગુજરાતીમાં કોઈ એક ક્રીયા ભૂતકાળમાં થઈ હોય તો પણ પૂર્ણ ભૂતકાળ વાપરવાની આપણને ટેવ છે ; જેમકે , " બધા પાડોશીઓ કાલે નાટક જોવા ગયા હતાં." પરંતુ આ વાક્યને અંગ્રેજીમાં દર્શાવવો હોય તો આપણે સાદો ભૂતકાળ વાપરવો જોઇએ; જેમકે : -

" **All the neighbours went to see the drama yesterday.**" આ વાક્ય સાચું છે.

"**All the neighbours had gone to see the drama yesterday.**" આ વાક્ય ખોટું છે. જયાં સુધી બીજી કોઈ ક્રીયા માટે તેજ વાક્યમાં કહેવામાં ન આવ્યું હોયત્યાં સુધી પૂર્ણ ભૂતકાળ અંગ્રેજીમાં વાપરવો નહીં.